|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા **જૈનશાળા/મહિલામંડળનું** પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : **૫** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 5)**

પ્ર. : ૧.ક) નીચેની પાઠની પૂર્તિ કરો : (૧૦)

(૧) બંભં ...................... નાણં ૨
(૨) સામાઈએ ................. તિણ્હં ૨
(૩) પુપ્ફવિહિં ................. ઓદણવિહિં ૨
(૪) પડિગ્ગહ ................... ફલગ ૨
(૫) સમયં ...................... માણં ૨

ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (૫)

(૧) સિંઘાણેસુવા ૨) ખમાસમણાણં ૩) પીઢ ૪) રયણ કરંડગ ભૂયં ૫) દ્વેષ
૬) મોસોવએસે ૭) અણાભોગ મિથ્યાત્વ ૮) કુવિય ૯) તિક્ટ્ટુ ૧૦) આકુટ્ટી

ગ) નીચેના શબ્દોનું માગધી લખો : (૫)

(૧) સર્વ પ્રકારના ૨) વિચરીશ ૩) અસંતોષ ૪) ધૈર્યરૂપ ૫) જીવનથી જ

ઘ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો : (૧૦)

(૧) શાસ્ત્રની અપેક્ષાએ મરણના પ્રકાર કેટલા ? તેના નામ લખો
(૨) ધર્મના ઉપકરણ, રજોહરણ વગેરેને પરિગ્રહ માને તો કયું મિથ્યાત્વ લાગે ?
શીતળના સાતમ કરે તો કયું મિથ્યાત્વ લાગે ?
(૩) સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉત્પન્ન થવાનાં સ્થાન કેટલાં ? તે મનુષ્યનું આયુષ્ય કેટલું ?
તેઓ સંજ્ઞી છે કે અસંજ્ઞી ?
(૪) શિકાર કરવાથી શું નુકસાન થાય ?
(૫) કેવળી પ્રરૂપિત ધર્મનું શરણું લેવા શું કરવું ?

પ્ર. : ૨. છ આરાના આધારે જવાબ લખો : (૧૦)

ક) (૧) અવસર્પિણિ કાળના પહેલા આરાનું નામ અને તેની સ્થિતિ લખો.
તે આરામાં કેટલા દિવસે આહારની ઇચ્છા થાય ? તે આરાના જીવોની ગતિ કઈ ?
(૨) અવસર્પિણિ કાળનો પાંચમો આરો પૂરો થશે ત્યારે કેટલા સ્થાનક બચશે ? તેના નામ લખો.
(૩) ભગવાન મહાવીરને કયા દિવસે, ક્યા નક્ષત્રમાં, કઈ નદીના કિનારે, કયા વૃક્ષની નીચે કેવળજ્ઞાન થયું ?
(૪) અવસર્પિણિ કાળના ત્રીજા આરે કેટલા કુલકર થયા ? ઝઘડો નિવારવા તેઓએ કઈ નીતિ અપનાવી ?
(૫) છ આરાના ભાવ ક્યા આગમમાં છે ? અવસર્પિણિ કાળની સ્થિતિ કેટલી ?
ઉત્સર્પિણી કાળના ત્રીજા આરાની સ્થિતિ તથા નામ લખો.

ખ) નીચેની ખાલી જગ્યા પૂરો : (૫)

(૧) અવસર્પિણિ કાળના પાંચમા આરાના છેડે ........ ધાતુ હશે અને ........ મહોર ચાલશે.
(૨) અવસર્પિણિ કાળના બીજા આરાની સ્થિતિ ...... હોય અને ઊતરતા આરે અવગાહના....ની હોય.
(૩) જુગલિયા કાળમાં ........જાતિના વાજિંત્રના કલ્પવૃક્ષ હોય અને .......આભૂષણ આપનાર કલ્પવૃક્ષ હોય.
(૪) ભગવાન મહાવીર ........તિથિએ ........ બ્રાહ્મણને ત્યાં ઉત્પન્ન થયા.
(૫) કાળચક્ર ........ અને ......... ક્ષેત્રમાં હોય.

ગ) ફક્ત પૂછ્યા પ્રમાણે જવાબ આપો : (૫)

(૧) અપસર્પિણિ કાળના પાંચમા આરામાં જમીનની સરસાઈ કેવી હશે ?
તથા તે આરામાં કઈ ગતિ બંધ થઈ જશે ?
(૨) દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રમાં સદા માટે કેવા ભાવ હોય ?
(૩) અવસર્પિણિ કાળના પહેલા આરામાં બાળકનું પ્રતિપાલન કેટલા દિવસ કરે ?
તથા મનુષ્યનું આયુષ્ય કેટલું હોય ?

(પાછળ જુઓ)

(૪) ઉત્સર્પિણિ કાળના ત્રીજા આરામાં કોનો જીવ, ક્યાંથી નીકળી શું બનશે ?

(૫) ઉત્સર્પિણિ કાળના બીજા આરાની શરૂઆતમાં પાંસળીની સંખ્યા કેટલી ? અને કયું સંઘયણ હોય ?

પ્ર. : ૩. ક) **કર્મ-પ્રકૃતિના આધારે લખો :** (૧૫)

(૧) મોહનીય કર્મ કેટલા પ્રકારે બંધાય ? તેના નામ લખો.

(૨) આનુપૂર્વી એટલે શું ? તે કેટલી છે ? તેના નામ લખો.

(૩) અંતરાય કર્મએ આત્માના કયા ગુણને રોક્યો છે ? તે કર્મ ઘાતી છે કે અઘાતી ?

(૪) નામ કર્મને શેની ઉપમા આપવામાં આવી છે ? શુભ નામ કર્મ કેટલા પ્રકારે બંધાય ? ફક્ત સંખ્યા લખો.

(૫) જ્ઞાનાવરણીય કર્મ કોના સમાન છે ? તેની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

(૬) દર્શનાવરણીય કર્મનો આબાધાકાળ કેટલો ? ઊંઘમાં ચાલે તેને કઈ નિદ્રા કહેવાય ?

(૭) વેદનીય કર્મએ આત્માના કયા ગુણને રોક્યો છે ? તેની જઘન્ય સ્થિતિ લખો.

(૮) પ્રત્યાખ્યાની ક્રોધ, સંજવલનનું માન, અનંતાનુંબંધી માયા, અને અપ્રત્યાખ્યાની લોભને શેની ઉપમા આપી છે ?

(૯) તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધવાના કારણો લખો.

(૧૦) જીવ ગ્રહણ કરી શકે તેવી વર્ગણાઓના નામ લખો.

ખ) **મને ઓળખો, હું કયા કર્મની કઈ પ્રકૃતિ છું ?** (૫)

(૧) જીવને ધર્મકાર્યમાં આળસ થાય તે

(૨) ગંધનું જ્ઞાન ન થાય

(૩) મંદ સ્વર મળે

(૪) જેના ઉદયથી જીવ બીજાને પ્રીતિપાત્ર બને

(૫) ધન-સંપત્તિ વગેરે વિશિષ્ટ ઐશ્વર્ય મળે

ગ) **નીચેની વ્યાખ્યા લખો** (૫)

(૧) રસ આવરણ  ૨) દુઃસ્વર નામ  ૩) નિદ્ધત્ત  ૪) દ્રવ્યકર્મ  ૫) નિદ્રા-નિદ્રા

પ્ર. : ૪. **ગોચરી સંબંધી પ્રશ્નોના જવાબ આપો :** (૫)

(૧) નીચેની વસ્તુઓ સાધુ-સાધ્વીને વહોરાવી શકાય ? **હા કે ના લખો.**

૧) નિવેદની લાપસી  ૨) ચોલપટ્ટાનું કપડું  ૩) ખદિરાવટી  ૪) કોથમીર છાંટેલું ઉંધિયું

(૨) કઈ માતા ગોચરી વહોરાવી ન શકે ? ગોચરી વહોરાવવી તે શ્રાવકના કયા વ્રતની આરાધના છે ?

(૩) નિર્દોષ આહાર-પાણી વહોરવવાથી શું લાભ થાય ?

(૪) જમતાં પહેલાં કઈ ભાવના ભાવવી જોઈએ ?

પ્ર. : ૫. **વાર્તાના આધારે જવાબ લખો :** (૧૦)

(૧) કામદેવ શ્રાવક કઈ નગરીમાં રહેતા હતા ? તેમની પાસે કેટલી ગાયોનું ગોકુળ હતું ? તેમની વાત કયા શાસ્ત્રમાં આવે છે ?

(૨) બે પાપી શિયાળ ક્યાં રહેતા હતા ? તેઓ કેવા હતા ? અને શેનું આચરણ કરતા હતા ?

(૩) સુમંગલા તથા સુનંદાના પુત્ર તથા પુત્રીનાં નામ લખો.

(૪) કામદેવ શ્રાવકનો જીવ હાલ ક્યાં છે ? ત્યાં તેમની સ્થિતિ કેટલી છે ? ત્યાંથી તેઓ ક્યાં જશે ?

(૫) ભગવાન ઋષભદેવને પ્રથમ આહાર કોના હાથે મળ્યો ? ત્યારે શેની વૃષ્ટિ થઈ તે વર્ણવો.

પ્ર. : ૬. **કવિતાના આધારો લખો :** (૧૦)

(૧) ધન્ય વિજય ઘોષ ................ ધીરજ આણ ૪

(૨) કુંવર અઈમુત્તે ................ મુનિ નામ ૪

(૩) ભગવાનની માતાનું નામ આવતી હોય તે કડી લખો ૨

અથવા

(૧) મરિચિને ................ ફૂલ ઉગાડે ૪

(૨) દોલત ................ શોભે ના ૪

(૩) કલ્યાણકારી ................ સબ થાય. ૨